જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૧/૨૦૨૦ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૧૧/૨૦૨૦**

# ATM માંથી ચોરી કરતા આરોપીની અટકાયત

## એલીસબ્રીજ પોલીસ સ્ટેશન :

## ગુજ.યુનિવર્સિટી પો.સ્ટે. ની હદમાં આવેલ યુનિયન બેંકના ATM માં પણ ચોરીનો પ્રયત્ન કરેલ હોવાનું કબુલાત કરતાં યુનિવર્સિટી પો.સ્ટેનો ગુનો ડિટેક્ટ કરતી

મે. પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એમ ડિવીઝન સાહેબ નાઓ તરફથી અવાર નવાર મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા તેમજ અટકાવવા સારૂ તેમજ પોલીસ કંટ્રોલ રૂમ તરફથી મળતાં મેસેજોને ગંભીરતા લઈ તાત્કાલિક કાર્યવાહી કરવા સારૂ સુચનાઓ મળતી હોય જેના અનુસંધાનમાં અવાર નવાર રોલકોલ માં પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એ.એસ.પટેલ સાહેબ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન નાઓએ ઉપરોક્ત હકીકતથી વાકેફ કરેલ હોય જેઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ એલીસબ્રીજ પો.સ્ટે. ના વનગાડી તથા મોબાઈલ ગાડી તથા સર્વેલન્સ સ્કોડના માણસો ગઈ તા. ૧૪/૦૧/૨૦૨૦ ના રોજ ૨૩/૦૦ થી ના.રા. હાજર હતા અને તા. ૧૫/૦૧/૨૦ ના કલાક ૦૨/૨૮ વાગે વનગાડી ને પોલીસ કંટ્રોલ રૂમ તરફથી મેસેજ મળેલ કે, " કેસ નં. ૬૪૭૫ મો.નં. ૭૬૦૦૦૩૮૩૮૦ કુલદીપસિંહ જણાવે છે કે SBI બેંક પોલીટેકનીક સામે વિક્રમ સારાભાઈ માર્ગ કેતલ પેટ્રોલપંપ ની સામે ATM માં ગેસ કટરથી ચોરી થયેલ છે." જે ઉપરોક્ત મેસેજ મળતાં મેસેજ આધારે તાત્કાલિક મોબાઈલ ગાડી તથા સર્વેલન્સ સ્કોડના માણૅસોને જાણ કરી વનગાડી તથા મોબાઈલ ગાડી અને સર્વેલન્સ સ્કોડના નાઈટા રાઉન્ડના માણસો ગણતરીના મિનિટોમાં કલાક ૦૨/૩૪ વાગે ૬ મિનિટમાં જગ્યાએ પહોંચી ATM ચોરી કરતાં

બે ઈસમોને રંગે હાથ ત્વરીત પકડી પાડેલ તથા ATM ચોરીનો મોટો ગુન્હો બનતો અટકાવેલ અને ATM ચોરી માટે લાવેલ ગેસ કટરનો સામાન તથા એક્ટીવા વિગેરે પોલીસ સ્ટેશન ખાતે લાવી ઈન્વે સ્કોડને સોંપતાં SBI પોલીટેકનીક બેંકના મેનેજર શ્રી કુલદીપભાઈ અશોકભાઈ ગર્ગ ઉવ ૪૩. રહે, બી-૧૦૧ દેવસૃષ્ટી/૧ રીલાયન્સ ફ્રેસની પાસે પ્રકાશ સ્કુલની પાછળ બોડકદેવ અમદાવાદ શહેર નાઓની ઈન્વે. સ્કોડના ઈન્ચાર્જ નાઓએ વિગતવારની ફરીયાદ લખી ફસ્ટ ગુ.ર.નં. ૦૩/૨૦૨૦ ઈપીકો કલમ ૪૫૭ , ૩૭૯ , ૫૧૧ , ૧૧૪ મુજબનો ગુનો રજીસ્ટર કરી આગળની વધુ તપાસ અર્થે કાગળો સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ. શ્રી આર.બી.વિહોલ નાઓ તરફ મોકલી આપતાં સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ. આર.બી.વિહોલ તથા સ્ટાફના માણસોએ મે. મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એમ વિભાગ અમદાવાદ શહેર તથા પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એ.એસ.પટેલ સાહેબ નાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ આરોપીઓ (૧) આલોકસિંઘ @ દેવ અશોકસિંઘ જાતે રાજપુત ઉવ.૨૫ હાલ રહે, બી/૬ પુણ્ય કોટી એપાર્ટમેન્ટ દેવાસ એપાર્ટમેન્ટની બાજુમાં રિલાયન્સ પેટ્રોલપંપની ગલી આંબાવાડી અમદાવાદ શહેર મુળ વતન શ્યામપુર બજાર અંદર ગામ. કેથવલીયા તા.જી. ગોપાલગંજ બિહાર તથા (૨) ઉત્તમભાઈ @ વીર અરવિંદભાઈ જાતે સાવલીયા (પટેલ) ઉવ.૩૨ હાલ રહે, બી/૬ પુણ્ય કોટી એપાર્ટમેન્ટ દેવાસ એપાર્ટમેન્ટની બાજુમાં રિલાયન્સ પેટ્રોલપંપની ગલી આંબાવાડી અમદાવાદ શહેર મુળ વતન કંટોલીયા પરાગામ ગામ. મોવિયા તા. ગોંડલ જી. રાજકોટ નાઓની પુછપરછ કરતાં બંને આરોપીઓને રૂપીયાની ખુબ જ જરૂર હોય અને બંને જણાએ પોતાની કિડની વેચવા સારૂ ફેસબુક ઉપર પોસ્ટ મુકેલ જે થકી બંનેની મોબાઈલ ફોન ઉપર ઓળખાણ થયેલ અને મિત્રતા બંધાયેલ હતી. અને બંને જણા ફોન ઉપર અઢી થી ત્રણ માસ થી સતત સંપર્ક માં હતાં. અને ફોન ઉપર એટીએમ ચોરી કરવાનું નક્કી કરી એટીએમ ચોરી કરવાની રીતો યુ ટ્યુબ ચેનલ મારફતે જાણેલ અને ગેસ કટર વડે એટીએમ ચોરી કરવાનું નક્કી કરતાં આલોકસિંઘ @ દેવ નાએ અમદાવાદ ખાતેથી અલગ અલગ જગ્યાએથી ઓક્સીઝન તથા ગેસના બાટલા અને બીજી સાધન સામ્રગી લાવી ગેસ કટર બનાવેલ હતો. ત્યારબાદ આલોકસિંગઘ @ દેવ નાએ ઉત્તમભાઈ @ વીર સાવલીયા (પટેલ) ને બોલાવતાં તે ઈલાહબાદ હોય જે ગઈ તા. ૦૬/૦૧/૨૦૨૦ ના રોજ કાલુપુર રેલવે સ્ટેશન આવતાં બંને હાલના આંબાવાડીના સરનામે રોકાયેલા ઘરે બેસી પોલીટેકનીક એસ.બી.આઈ. બેંકના ATM ચોરી કરવાનું નક્કી કરેલ અને બંને જણાએ ફલેટમાં રહેતાં અન્ય રૂમ પાર્ટનર ના હેલ્મેટ તથા તેમનો થેલો તેમજ એક્ટીવા લઈ એટીએમ ખાતે ચોરી કરવા આવેલા હોવાનું જણાવતાં પો.સ.ઈ. આર.બી.વિહોલ નાઓએ આરોપીઓ પાસેથી મળી આવેલ ગેસ કટરનો સામાન તથા અન્ય મુદ્દામાલ પંચનામા વિગતે કબ્જે કરી આરોપીઓને ગુનાના કામે તા. ૧૫/૦૧/૨૦૨૦ ના કલાક ૧૨/૩૦ વાગે અટક કરી વધુ તપાસના કામે નામદાર કોર્ટમાંથી આરોપીઓના તા. ૧૮/૦૧/૨૦૨૦ ના કલાક ૧૭/૦૦ વાગ્યા સુધીના પોલીસ કસ્ટડી રિમાન્ડ પર મેળવી ધનિષ્ટ પુછપરછ કરતાં આરોપી નં-૧ આલોકસિંઘ @ દેવ સનઓફ અશોકસિંઘ જાતે રાજપુત ઉવ.૨૫/ રહે, ઉપર મુજબ નાએ ગઈ તા. ૨૫/૧૨/૨૦૧૯ ના રાતના એક થી દોઢ વાગ્યાની આસપાસ ગુજ. યુનિવર્સિટી પોલીસ સ્ટેશનની હદમાં આવેલ યુનિયન બેંકના ATM માં ચોરીનો પ્રયત્ન કરેલ જે ગુન્હાની કબુલાત

કરતો હોય ગુજ. યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે જાણ કરવા તજવીજ કરવામાં આવેલ છે. તા. ૧૬/૦૧/૨૦૨૦



# નાસતા ફરતા આરોપીની અટકાયત

## ઓઢવ પોલીસ સ્ટેશન :

### નાસતા ફરતા આરોપીને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી આર.જી.જાડેજા ઓઢવ પો.સ્ટેશન નાઓ નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા સારૂ આપેલ સુચના આધારે સર્વે પો.સ.ઈ.આર.એ.ઝાલા તથા અ.હેડ.કોન્સ અજીતભાઇ ભીખાભાઇ બ.નં-૪૨૯૪, લોકરક્ષક જયપાલસિંહ રણજીતસિંહ બ.નં-૧૨૩૦૨, લોકરક્ષક કરણ ગીરધરભાઇ બ.નં-૧૨૭૮૧, લોકરક્ષક યુવરાજસિંહ જુવાનસિંહ બ.નં-૧૨૭૯૧ એરીતેના સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અ.હેડ.કોન્સ અજીતભાઇ ભીખાભાઇ તથા લોકરક્ષક કરણ ગીરધરભાઇ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકિકત આધારે ઓઢવ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૧૯૮/૧૯ ઇ.પી.કો કલમ ૩૭૯,૧૧૪ મુજબના ગુનાના કામે નાસતા ફરતા આરોપી મહમંદ સરફુદ્દીન ઉર્ફે મોનુ સ/ઓ ફયાઝખાન પઠાણ ઉ.વ.૩૭ રહે: સુંદરમનગરની ચાલી, સલમાન મસ્જીદની સામે, બાપુનગર, અ'વાદ શહેર નાને તા-૧૬/૦૧/૨૦૨૦ ના ક.૧૪/૨૦ વાગે નાસતા ફરતા આરોપીને પકડી સારી કામગીરી કરવામાં આવેલ છે. તા-૧૬/૦૧/૨૦૨૦

## નિકોલ પોલીસ સ્ટેશન :

## નાશતા-ફરતા પાસા અટકયતીને ઝડપી પાડતી નિકોલ પોલીસ

મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સા તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-પ સા તથા મે.મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન અમદાવાદ શહેરનાઓએ હાલમાં લગ્ન પ્રસંગના સમય દરમ્યાન તેમજ શિયાળાની રૂતુ દરમ્યાન મિલકત સબંધી ગુંન્હાઓ બનવા પામતા હોય આવા પ્રકારના ગુન્હાઓ અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ સુચના આપેલ, જે અનુંસધાને પોલીસ ઇન્સપેકટર શ્રી એચ.બી.ઝાલાનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોર્ડના પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી એચ.વી.છાસટીયાનાઓ તાબના માણસો હેડ કોન્સ. ગૌતમભાઈ હીરાભાઈ તથા પો.કો. કિરીટસિંહ રણજીતસિંહ તથા પો.કો. જીતેન્દ્રસિંહ હરિસિંહ તથા પો.કો. પરબતસિંહ નારસંગભાઈનાઓ સાથે નિકોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન પો.કો. જીતેન્દ્રસિંહ હરિસિંહ તથા પો.કો. પરબતસિંહ નારસંગભાઈનાઓને મળેલ બાતમી હકિકત આધારે પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓની કચેરીના પત્ર ક્રમાંક: પીસીબી/ ડીટીએન/ પાસા/ ૩૬/ ૨૦૨૦ તા.૦૮/૦૧/૨૦૨૦ ના હુકમ આધારે પાસા અટકાયતી શ્યામ ઉર્ફે કાળીયો S/o રાકેશભાઈ કાંતિભાઈ રાવળ ઉવ.૧૯ રહેવાસી: કેશરભાઈ રબારીની ચાલી રઘુવિર ફ્લેટની બાજુમાં, ખોડીયાર નગર નિકોલ અમદાવાદ શહેરનાનો મળી આવતા સ્થળ ઉપર ઝડપી પાડી પ્રશનનીય કામગીરી કરેલ છે.



# જુગારના આરોપીની અટકાયત

## નરોડા પોલીસ સ્ટેશન :

## "ગણનાપાત્ર જુગાર"નો કેસ શોધી કાઢી ૫ આરોપીઓને પકડતી - નરોડા પોલીસ

ના. પો. કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવી. નાઓએ અ.વાદ શહેર ખાતે પ્રોહીબીશન તથા જુગાર નેસ્તનાબુદ કરવા સારૂ સખતમાં સખત પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી નાઓની સુચના મુજબ કે.બી.રાઠોડ તથા સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન બાતમી હક્કીકત આધારે નરોડા ગંગોત્રી હોટલની સામે ફુટપાથ ઉપર જાહેરમા (૧)જીતેન્દ્રસિન્હ ઉર્ફે બકો કિરણસિન્હ જાતે બારડ + ૪ = ૫ નાઓને ગંજીપાના વડે હારજીતનો જુગાર રમી રમતા રેડ દરમ્યાન રોકડ નાણાં ૪૩૦૫૦/- તથા ગંજીપાના નંગ- ૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા મોબાઇલ નંગ ૦૨ કિ.રુ.૯૦૦૦/- તથા બે વાહન એક્સેસ તથા એક્ટિવા કિ.રુ.૧,૦૦,૦૦૦/- ગણી કુલ મુદ્દામાલ રુ.૧,૫૨,૦૫૦/- તપાસ અર્થે કબજે કરી ધી જુગાર ધારા કલમ ૧૨ મુજબ અટક કરી કાયદેસર ની કાર્યવાહી કરવા મા આવેલ છે. તા-૧૬/૦૧/૨૦૨૦

આરોપીનુ નામ :- (૧)જીતેન્દ્રસિન્હ ઉર્ફે બકો કિરણસિન્હ જાતે બારડ રહે-૧૦૭ ,લક્ષ્મીનગર સોસાયટી,સુતરના કારખાના,નરોડા,અમદાવાદ શહેર (૨) રોહીત નટવરજી જાતે.ઠાકોર રહે-મફતનગરના છાપરા નરોડા અમદાવાદ (૩)વિક્રમસિંહ વિનોદસિંહ જાતે. ચૌહાણ રહે- ૧૦૪ લક્ષ્મીસોસાયટી સુતરના કારખાના નરોડા અમદાવાદ (૪) સંજય નરેન્દ્ર જાતે.પાન્ડે રહે-લક્ષ્મીસોસાયટી સુતરના કારખાના નરોડા અમદાવાદ (૫) સુરેશ કમલસિંહ જાતે.મિશ્રા રહે-લક્ષ્મીસોસાયટી સુતરના કારખાના નરોડા અમદાવાદ

મુદ્દામાલ – રોકડ નાણાં ૪૩૦૫૦/- તથા ગંજીપાના નંગ- ૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા મોબાઇલ નંગ ૦૨ કિ.રુ.૯૦૦૦/- તથા બે વાહન એક્સેસ તથા એક્ટિવા કિ.રુ.૧,૦૦,૦૦૦/- ગણી "કુલ મુદ્દામાલ રુ.૧,૫૨,૦૫૦/-"

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી :- પો.સ.ઇ. કે.બી.રાઠોડ તથા અ.લો. લાલાભાઇ રયાભાઇ બ.ન.૧૩૨૪ તથા અ.લો.નારણભાઇ રાણશીભાઇ બ.ન.૧૧૬૬ તથા અ.લો.દેવેન્દ્રસિન્હ ભિખુભા બ.ન.૨૫૧ તથા અ.લો.પ્રકાશભાઇ ધનજીભાઇ બ.ન.૩૬૬



# <u>પાસાના આરોપીની અટકાયત</u>

## **ગુના નિવારણ શાખા :**

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ **તા.૧૬.૧.૨૦૨૦** નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં શરીર સબંધી/ પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના શહેરકોટડા તથા ગોમતીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી લોકોને જેમતેમ બોલી વાતોમા વ્યસ્ત રાખી, લોકોની નજર ચુકવી ખિસ્સામાથી મો.ફોન ની ચોરી કરી લઈ જનાર તથા લોકોની ઓટોરિક્ષાને નુકશાન કરનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ સલમાન અલ્લાનુર ઘાંચી રહેવાસી-મ.ન.૯૮ બાલાભાઈ છગનભાઈની ચાલી, ગોમતીપુર અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | સલમાન અલ્લાનુર ઘાંચી રહેવાસી-મ.ન.૯૮ બાલાભાઈ છગનભાઈની ચાલી, ગોમતીપુર અમદાવાદ શહેર |

- અ.વાદ શહેરના સરદારનગર તથા મણીનગર પોસ્ટે વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી ફરીયાદી બહેન સાથે ફરીયાદ પાછી ખેચી લેવા બાબતે બોલાચાલી ઝઘડો કરી બિભત્સ ગાળો બોલનાર તથા ફરિયાદીબહેન ની છેડતી કરનાર તેમજ વીમા કંપનીમાથી ૫૦ લાખ વિમો લેવાના ઈરાદે કંપની સાથે વિશ્વાસઘાત છેતરપિંડી કરી પોતની અસલ ઓળખ છુપાવી ખોટા દસ્તાવેજો બનાવી પોતે બનાવટી દસ્તાવેજ હોવાનુ જાણતા હોવા છતા તેનો ખરા તરીકે ઉપયોગ કરનાર અને વીમા કંપનીને આર્થિક નુકશાનમાં ઉતારવાના બદ ઈરાદે ખોટા રીતે આર્થીક નુકશાનમા ઉતારવાના બદઈરાદે ખોટા વ્યકિતનુ નામ ધારણ કરી ખોટી સહીઓ કરી ખોટા દસ્તાવેજી પુરાવાઓ ઉભા કરનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ અજય અશોકભાઈ તમંચે રહેવાસી- મ.ન.૧૬૫ ફ્રી કોલોની છારાનગર સરદારનગર અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | અજય અશોકભાઈ તમંચે રહેવાસી- મ.ન.૧૬૫ ફ્રી કોલોની છારાનગર સરદારનગર અમદાવાદ શહેર |

- આ ઉપરાંત પ્રોહીબીશનની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૨ ઇસમો મળી **<u>કુલ્લે ૪ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી</u>** તેઓને સુરત, વડોદરા જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.